# ગાંધીનગરની સેકટર-૭, ૨૩ અને ૨૮ની લગ્નવાડીઓ હજુ રાજય સરકાર હસ્તક

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની રચના બાદ પણ હજુ કેટલીક સુવિધાઓ રાજય સરકાર હસ્તક ચાલી રહી છે. વહીવટી પારદર્શકતાની દૃષ્ટીએ શ્રેષ્ઠ સેવા પૂરી પાડતી લગ્નવાડીઓ મહાનગર પાલિકાને સોંપવાથી હજુપણ તેમાં વધુ પારદર્શકતા આવવાની શકયતા જોવાઈ રહી છે. જો કે સેકટર-૨૪ અને ૨૭ની લગ્ન વાડીઓ આર એન્ડ બી હસ્તક છે જયારે રંગમંચ પાલિકાને સોંપાયેલો છે.

રાજય સરકાર હસ્તકની ગાંધીનગરમાં ચાલતી કેટલીક સુવિધાઓ સમયાંતરે મહાનગર પાલિકા હસ્તક થઈ રહી છે. જેમાં વધુ ધ્યાન ખેંચનારી સેકટર-૨૩, ૭, અને ૨૮ની લગ્નવાડીઓ હજુ સુધી પાલિકાને સોંપાઈ નથી.

આ લગ્નવાડીમાં થઈ રહેલી કામગીરી શ્રેષ્ઠ છે અને તેના પારદર્શક વહીવટ થકી પ્રસંગો ઉજવતાં શહેરીજનોમાં સંતોષ અને આનંદનો પ્રતિભાવ જોવા મળી રહ્યો છે. છતાં પણ પાલિકા વિસ્તારમાં આવેલી હોવાથી આ લગ્નવાડીઓને વધુ કાર્યક્રમ બનાવવા આ સેવાને મ્યુનિ. કોર્પોરેશનને સોંપી દેવી જોઈએ તેવું પ્રસંગ ઉજળાં લોકોમાં અનેકવાર ચર્ચાઈ ગયું છે.

આ લગ્નવાડીમાં પ્રસંગ ઉજવવાનો એક દિવસ ભાડાખર્ચ હાલમાં સામાન્ય રૂા. ૫૦૦ જ લેવાય છે. ત્યારે શ્રેષ્ઠતમ સુવિધા આપતી આ લગ્નવાડીઓમાં લોન પ્લોટ, હોલ, સ્ટેજ, રસોડું વગેરે સમાવેશ થઈ તેનો ઉપયોગ થાય છે જેથી આ રકમ ઉપયોગીતાની સામે ન્યુન્તમ રકમ ભાડા પેટે વસુલ છે જે ત્યાં કામ કરતાં સરકારી કર્મચારીઓના એક દિવસના પગાર કરતાં પણ ઓછું થાય છે.

આમ ધરમુળમાંથી વહીવટી ફેરફાર ઝંખતી આ લગ્નવાડીઓ જો મ્યુનિ. કોર્પોરેશનને સોપી દેવાય તો પ્રથમથી જ તમામ ફેરફાર સાથે પ્રસંગકર્તા શહેરીજનોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી શકાય તેવો મત શહેરીજનોમાં પ્રર્વત્યા છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પીએચ.ડી.ની ઓનલાઈન પરીક્ષા યોજાઈ



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુનિવર્સિટીમાં ચાલતાં વિવિધ વિદ્યાશાખાઓમાં પી.એચ.ડી. પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. ઓનલાઈન પ્રવેશ પરીક્ષામાં ૪૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ જોડાયા હતા.

યુનિવર્સિટીના ડાયરેકટશ્રી ડૉ.ડી.ટી. કાપડીયાના માર્ગદર્શન હેઠળ સતત બીજા વર્ષે સફળતા પૂર્વક ઓનલાઈન પરીક્ષાનું આયોજન થયું છે. તેઓ જણાવતાં કહે છે કે, યુનિવર્સિટી હંમેશા રૂઢિચુસ્ટ માળખાઓ માંથી નવીન માર્ગ કોઈપણ કાર્યને નવી રાહ મેળવીને તેની સફળ બનાવીને જ જંપે છે. વધુમાં તેમણએ જણાવ્યું હતું કે, હવે યુનિ.ના બીજા વિભાગને પણ ટેકનીકલોજી સજજ કરવાનું કાર્ય કરી રહી છે.

ઓનલાઈન પરીક્ષાના નવા અભિગમ વિશે યુનિવર્સિટીના રજીસ્ટ્રાશ્રી સૂર્યક્રિશ્ના મંત્રાલાએ જણાવે છે કે ઓનલાઈન પરીક્ષા લેવાથી વિદ્યાર્થી તેમજ યુનિવર્સિટીનો કિંમતી સમયનો બચાવ થાય છે ઓનલાઈન પરીક્ષાથી વિદ્યાર્થીઓમાં સંતોષ સ્પષ્ટ દેખાય છે તેમજ તેમણે કરેલી મહેનતનું સાચું પરીણામ તેઓ મેળવી શકે છે. અને તેનાથી ધાર્યું પરીણામ પ્રાપ્ત થાય છે.

પરીક્ષાની આ નવીન પ્રણાલી માટે યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી પી.કે. કાપડીયા જણાવે છે કે, અલગ અલગ વિદ્યાશાખામાં પ્રવેશ માટે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ જોડાયા છે. તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતી અટકે છે.

યુનિ.ના ટેકનીકલ હેડશ્રી વિપુલ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, પ્રવેશ પરીક્ષા માટે ઉપયોગી સોફટવેર સ્ટાફ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. દરેક વિદ્યાર્થીઓએ આપેલ જવાબોના ડેટાબેજ પણ તૈયાર કરી દે છે.

પ્રવેશ પરીક્ષાની આ કામગીરીને સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં બીબીએ કોલેજના ડાયરેકટર ડૉ. એન.એન.જાનિ, ટેકનીકલ સ્ટાફ પરવેઝ મન્સુરી, અશરફ અન્સારી, અમીત પટેલ, ભરત ઠાકોર, મિતેશ પટેલ, અંકિત પટેલ, મયંક પરમાર, વિજય દેસાઈ, પિયુશ પટેલ, વગેરે સહિત ટેકનીકલ સ્ટાફ વર્તુળે ભારે જહેમત ઉઠાવીને ઓનલાઈન પરીક્ષાના અભિગમને સફળ બનાવ્યો હતો.

# ધી ગાંધીનગર અર્બન કો- ઓ. બેંકના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા. ૧૮

ધી ગાંધીનગર અર્બન કો. ઓ. બેંક લિ.ના વર્ષ ૨૦૧૨-૧૩ માટેના હોદ્દેદારોની વરણી માટેની બેઠક તાજેતરમાં બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં સર્વે હોદ્દેદારોની બીનહરીફ વરણી કરવામાં આવી હતી.

અર્બન બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક તાજેતરમાં ગિરીશચંદ્ર ઝાટકિયાના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં બેંકના ચેરમેન પદે ડાહ્યાભાઈ ટી. પટેલ, વાઈસ ચેરમેનપદે બિપીનભાઈ પટેલ અને મેનેજીંગ ડિરેક્ટરપદે ચંદુભાઈ પટેલની બીનહરીફ વરણી કરવામાં આવી હતી. ચેરમેન, વાઈસ ચેરમેનની સતત ત્રીજા વર્ષ માટે તથા મેનેજીંગ ડિરેક્ટર સતત બીજા વર્ષ માટે બીન હરીફ સર્વાનુમતે વરણી થયા છે. નવા વરાયેલા હોદ્દેદારોએ બેંકની પ્રગતિ માટે ઉત્કૃષ્ટ અને પારદર્શક વહીવટ કરવાની ખાતરી આપી હતી.

## આજે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા પાઠ આજે તા. ૧૯મી જૂન-૨૦૧૨, મંગળવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૧૩૧/૨, સેક્ટર-૩-એ-ન્યૂ, ગાંધીનગર ખાતે એચ.ડી. વ્યાસના યજમાન પદે અને કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે યોજવામાં આવશે.

## આજે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

શ્રી રામ ચરિત માનસના પંચમ સોપાન સુંદરકાંડના સંગીતમય કથા પાઠ પરમ પૂજ્ય ત્યાગી બાપુના સાનિધ્યમાં (સુરતવાળા) આજે તા. ૧૯મી જૂન-૨૦૧૨, મંગળવારે રાત્રે ૮.૦૦ કલાકે પ્લોટ નં. બી-૧૦૬, સત્યમેવ છાવણી આઈકોન, સુઘડ, ગાંધીનગર ખાતે ભરત વ્યાસ (એડવોકેટ)ના યજમાન પદે અને સંજય ગોસ્વામીના વ્યાસપીઠે યોજવામાં આવશે. ગાંધીનગરના સૌ ભાવિકભક્તોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.

## આજે બી.વી.એમ. એલ્યુમીની એસોસિએશનની બેઠક યોજાશે

બી.વી.એમ. એલ્યુમીની એસોસિએશનના સભ્યોની બેઠક આજે તા. ૧૯મી જૂન-૨૦૧૨ના રોજ વિશ્રામગૃહ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે. બી.વી.એમ. એલ્યુમીની એસો.ના પ્રમુખે ગાંધીનગરના તથા અમદાવાદના તમામ સભ્યોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા ખાસ જણાવ્યું છે.

# ગાંધીનગરમાં પ્રજાપતિ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આયોજીત ૧૦મો જીવનસાથી પસંદગી મેળો તા. ૨૪મી જૂન-૨૦૧૨ને રવિવારે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સવારે ૮.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે.

પ્રજાપતિ સમાજના યુવાનો અને યુવતીઓ માટેના ૧૦મા જીવનસાથી પસંદગી મેળામાં સમારંભના પ્રમુખ તરીકે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના પૂર્વ વા. ચેરમેન જી. કે. પ્રજાપતિ, સમારંભના ઉદ્‌ઘાટક હસમુખભાઈ પ્રજાપતિ, સમારંભના મુખ્ય મહેમાન તરીકે ઉત્તર ગુજરાત સમસ્ત પ્રજાપતિ સમાજ સંગઠનના પ્રમુખ ધનજીભાઈ પ્રજાપતિ, સમારંના અતિથિ વિશેષ તરીકે ગોવિંદભાઈ પ્રજાપતિ, વસંતભાઈ પ્રજાપતિ, કાન્તીભાઈ પ્રજાપતિ, ભાઈલાલભાઈ પ્રજાપતિ, ઈશ્વરભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહેશે અને યુવાનો અને યુવતીઓને શુભેચ્છા આપશે. સમાજના સૌ સ્નેહીજનો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

# આજે કલ્પતરૂ દ્વારા અંતિમવાહિની જુસિકાને અર્પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

જુનિયર સિટીઝન કાઉન્સીલ દ્વારા ગાંધીનગર ગ્રામ્ય તથા તાલુકા વિસ્તાર માટે નવી અંતિમ વાહિનીનો આરંભ આવતીકાલે સવારે કરવામાં આવશે. આ અંતિમ વાહિની જુસિકાને કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ., સેક્ટર-૨૮ દ્વારા અર્પણ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે અંતિમ વાહિની અને એમ્બ્યુલન્સ સેવા ઉપરાંત અંતિમ ધામનું સંચાલન પણ જુસિકા દ્વારા કરવામાં આવે છે. હવે શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોને પણ અંતિમ વાહિનીની સેવાનો લાભ મળે તે હેતુસર નવી અંતિમ વાહિની જુસિકા દ્વારા સેવારત કરવામાં આવી રહી છે.

# ગાંધીનગર શહેર કોગ્રેસ સમિતિમાં વાલ્મિકી આગેવાનોની હોદ્દેદારોની તરીકે નિમણૂક

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના અર્જુનભાઈ મોઢવાડિયા, ગુજરાત વિધાનસભા કોગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના અનુસૂચિત જાતિ વિભાગના અધ્યક્ષ ઈશ્વરભાઈ મકવાણાએ આપેલી મંજૂરી મુજબ ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગમાં ગાંધીનગરના વાઈસ ચેરમેન તરીકે નગનભાઈ પુરબિયા મહામંત્રી તરીકે અંબાલાલ વાઘેલા, દિનેશભાઈ પુરબિયા, મંત્રી તરીકે લાલજીભાઈ ગોહેલ, હસમુખભાઈ ગોહેલ, વિજય ગોહેલ અને કુમુદબેન વાઘેલાની વરણી કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય સફાઈ કામદાર મહાસંઘ, પ્રતિનિધિ મંડળે વાલ્મિકી સમાજના આગેવાનોની કરાયેલી વરણીને હર્ષભેર વધાવી લીધી છે. નિમણૂક બાદ ગાંધીનગર શહેર જિલ્લા કોગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશભાઈ પટેલના બેઠક મળી હતી. ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ, અનુસૂચિત જાતિ વિભાગમાં કે.પી. સોલંકીની તાજેતરમાં મહામંત્રી તરીકે નિમણુંક થતા તેઓનું સભાના અધ્યક્ષ મુકેશભાઈ પટેલે ફુલહારથી સન્માન કર્યું હતું. ગાંધીનગર શહેર કોગ્રેસ સમિતિમાં અનુસૂચિત જાતિ વિભાગમાં વાલ્મિકી હોદ્દેદારોની નિમણૂક થઈ હતી તે હોદ્દેદારોનું પ્રમુખ મુકેશભાઈએ ફૂલહારથી સન્માન કર્યું હતું. વાલ્મિકી સમાજના લોકો કોગ્રેસની વિચાધારાને છેવાડાના માનવી સુધી લઈ જઈ સંગઠનમાં પોતાનું યોગદાન આપવા અપીલ કરી હતી.

# યુથ કોંગ્રેસ આજે રાહુલ ગાંધીનો જન્મ દિવસ ઉજવશે

ગાંધીનગર, તા. ૧૮

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુથ આઈકોન શ્રી રાહુલ ગાંધીના ૪૧મા જન્મદિવસની ઉજવણી આજે ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ દ્વારા કરવામાં આવનાર છે.

લોકસભા વિસ્તાર યુથ કોંગ્રેસના પ્રમુખ શ્રી જયદિપસિંહ ઠાકોરે જણાવ્યું છે કે અમારા યુવા નેતાના જન્મદિને અમે ઈન્દ્રોડા પ્રાથમિક શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓને ચોપડાઓનું વિતરણ કરીને ઉજવીશુ.

તેમણે જણાવ્યું છે કે જ્ઞાન એજ સત્તાના અભિગમને ચરિતાર્થ કરવા માટે અમે આ કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરો સર્વશ્રી હસમુખભાઈ મકવાણા, શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, રંજનબેન ખાંટ, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી જીતુભાઈ રાયકા અને શહેર-જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

## ભાજપ આઈટી સેલના કારોબારી સભ્યોનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ભાજપ કાર્યાલય, કમલમ્ ખાતે આઈટી સેલના માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં ગુજરાત પ્રદેશ આઈટી સેલના પ્રમુખ શ્રી રાધિકાબેન કચારીયાએ ઉપસ્થિત રહી સર્વ કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગાંધીનગર જિલ્લા મહામંત્રી શ્રી પરેશભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી માર્ગદર્શક ઉદ્‌બોધન કર્યું હતું.

# વ્હાલના દરિયાને ગરીબાઈ શું કે શ્રીમંતાઈ શું ?

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

કોણ જાણે પરમાત્માએ કેવી માયા રચી છે કે બાપ અને દીકરી વચ્ચેની મમતા અને લાગણીનો પ્રવાહ ક્યારેય સુકાતો નથી. બાપ અને દીકરીની મમતા વચ્ચે ગરીબાઈ કે શ્રીમંતાઈ આડે આવતા નથી. ઉલટુ ગરીબાઈમાં દીકરીની મમતા કસોટીની એરણે ચઢે છે પણ તેમાંય દીકરી શુદ્ધ સોનુ થઈને બહાર આવે છે. શ્રીમંતાઈનો પુત્રી પ્રેમ વૈભવી અને ગરીબીનો પુત્રી પ્રેમ ચિંથરેહાલ હોય તેવું કોણે કીધું ? વહાલના દરિયાને વળી ગરીબાઈ શું કે શ્રીમંતાઈ શું ? બિમાર થઈ એ.સી. રૂમમાં આરામ ફરમાવતા બાપ પ્રત્યે દીકરીને જે લાગણી થાય એટલી જ લાગણી કંતાન અને ફાટેલા પ્લાસ્ટીકમાંથી બનેલી ઝુંપડપટ્ટીમાં રહેતો બાપ બિમાર પડે ત્યારે દીકરીને થાય છે. અભાવ અને અગવડતામાંય પાંગરતા દીકરીના પ્રમની એક ઝલક માણી લઈએ... શરીરનો બાંધો મજબુત પણ કુદરતની કૃપાથી વંચિત એવા બાપને ત્રણ દીકરીઓ છે. નામ છે જેમનું જયંતિભાઈ પ્રજાપતિ સૌ કોઈ તેમને બાપા સીતારામ કહીને બોલાવે છે. પુરા ધાર્મિક, બાપા સીતારામની સેવા ભાવનાને વરેલા પોતાના ગામ શાહપુરમાં તેમજ ગાંધીનગરમાં સેકટર-૨૧ શાકમાર્કેટ પાસે બાપા સીતારામની મઢુલી બનાવી તરસ્યાને



પાણી અને ભુખ્યાને અન્ન આપી સૌને મદદરૂપ થવામાં જ જીવનની સાર્થકતા સમજતા બાપા સીતારામ (જયંતિભાઈ)ને એક જ ઈચ્છા છે કે કરકસર કરીને દુઃખ વેઠીને પણ દીકરીઓને ભણાવી-ગણાવી તેમને સુખી ઘેર વળાવવી. દીકરીઓને સંપત્તિનો કરીયાવર ન આપી શકીએ તો કંઈ નહિ સંસ્કારનો કરીયાવર આપી તેના હાથ પીળા કરવા અને છેલ્લે હરિભજનમાં આયખુ પુરુ કરવું. માનવી સપનોના મહેલ બનાવે છે પણ સપના કોના પુરા થયા છે કે આપણા થાય ? નાની દીકરી રાજલ હાલ એસ.વાય.બી.એ.માં અભ્યાસ કરે છે. મોટી દીકરી ધો. ૧૦માં અભ્યાસ કરતી હતી ત્યારે પરીક્ષા ટાણે જ જયંતિભાઈને એટેક આવ્યો. દીકરીઓ પર જાણે વજઘાત થયો. છતાં તે હિંમત હારી નહિ. ભણવાની ચોપડીઓ અભરાઈ પર ચઢાવી બંને દીકરીઓ હેતલ અને સેજલ પપ્પાની સેવામાં લાગી ગયા એટલું જ નહિ પરીવારના ભરણપોષણની પણ જવાબદારી ઉપાડી લીધી. જરૂરિયાતમંદ માટે ટીફીન સેવા ચાલુ કરી અને છાત્રાલયના બાળકોને જમવા માટે મેસ ચાલુ કરી પરીવારનુ ગાડુ ગબડાવ્યે રાખ્યું. દીકરીઓને સંઘર્ષ કરતી જોઈ જયંતિભાઈના શરીરમાં જોમ પ્રગટ્યું. એટેકના દર્દને ભુલી ગયા અને ઘરની આર્થિક જવાબદારી નીભાવવામાં ઓતપ્રોત થયા. કોઈની વાન ભાડે લાવી તેઓ ભાડે ફેરાવવા લાગ્યા. દીકરીઓ ઉંમર લાયક થતી જતી હતી. રાત દિવસ જોયા વિના મહેનત કરી કરકસર યુક્ત જીવન જીવી બચત કરી અને બંને દીકરીઓને ધામધૂમથી પરણાવી. મારી દીકરીઓને સાસરી પક્ષમાં કોઈ મેણુ ન મારે... પણ નસીબ બે ડગલા આગળ ચાલ્યુ. બે વર્ષ બાદ દીકરીને ત્યાં દીકરી (ભાણી)નો જન્મ થયો અને સાસરી પક્ષના મોં મચકોડાયા... વહુએ પથરો જણ્યો... એની માને ત્રણ દીકરીઓ છે આ પણ દીકરીઓને જ જન્મ આપશે... અને દીકરીને ત્રાસ આપી તેના પિયર મોકલી દીધી. અત્યારે જયંતિભાઈ આ દીકરીની ભાણીનું જતન કરે છે. ભાણી પ્રત્યે પણ તેમને અનહદ પ્રેમ... ઘરમાં જગદંબાના કંકુ પગલા ક્યાંથી ? જયંતિભાઈએ



સ્વીકારી લીધું કે દીકરી અને ભાણીનું જતન મારે જ કરવુ પડશે... આટલી મુશ્કેલીઓ વચ્ચે પણ દીકરીઓને એવા સંસ્કાર આપેલા કે બપોરની રસોઈ કરે ત્યારે જરૂરિયાત કરતા ૧૦ થી ૧૫ રોટલીઓ વધુ બનાવે. આંગણે માગવા આવેલો કોઈ પાછો ન જાય. આવી ઉદાત્ત ભાવના. આ દીકરીઓએ પણ પરીવારમાં એવો સંઘર્ષ કર્યો કે તેમની ગરિમાને ક્યારેય લજવી નથી કે સંસ્કારિતાને ક્યાંય ડાઘ પડવા દીધો નથી. દુનિયામાં ક્યાંક એવા માનવીઓ પણ હોય છે જે ભગવા નથી પહેરતા છતાં સંત મહાત્માથી કમ નથી હોતા. તે ભલે મંદિરમાં ન રહેતા હોય પણ એમનું ઘર મંદિર કરતાં ઓછુ પવિત્ર નથી હોતુ. બાપા સીતારામ કહે છે કે દીકરીઓનો પ્રશ્ન પતે એટલે હું અને મારી દેવી (પોતાની પત્નિને તે 'દેવી' તરીકે સંબોધન કરે છે તેમનું માનવું છે કે દેવીના સાથ વગર મારુ આયખુ અધુરુ છે) બાપા સીતારામની મઢુલીમાં બેસી સદાવ્રત ચલાવીશુ. પણ દીકરીઓ મારો પ્રાણ છે, મારા શ્વાસોશ્વાસ છે. મારો ધબકાર છે આ બાપને ભલે અભાવ નડતો હોય પણ પણ એના ભાવમાં ક્યાંય કમી વરતાતી નથી. તેઓ કહે છે દીકરીઓ પ્રત્યેની મારી ફરજમાં ક્યાંય ઉણપ નહિ આવવા દઉં. મારી જાત ઘસીને પણ તેમને માટે સંઘર્ષ કરતો રહીશ... આ છે એક બાપની દીકરીઓ પ્રત્યેની મમતા.. હવે તમે જ કહો દીકરી અને બાપ વચ્ચેના પ્રેમમાં ક્યાંય ગરીબાઈ કે શ્રીમંતાઈના ભેદ હોય છે ?..

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્ક્રીન-૧** :

ફરારી કી સવારી : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: **સ્ક્રીન-૨** :

ફરારી કી સવારી : ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

: **સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૧૧.૦૦

રાઉડી રાઠોડ : ૧.૧૫, ૪.૦૦

ફરારી કી સવારી : ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪** : પીરાન્હા ૨ડી (હિન્દી) : ૧૧ , ૧ ,૫.૩૦, ૧૦.૧૫

શાંઘાઈ : ૩.૦૦

ફરારી કી સવારી : ૬.૩૦

રાઉડી રાઠોડ : ૭.૩૦

### સિને મેક્સ

: **સ્ક્રીન-૧** : પીરાન્હા ૩ડી (હિન્દી) : ૧૦.૩૦, ૯.૦૦

પ્રોમેથિયસ ૩ડી(હિન્દી) : ૧૨.૧૫, ૪.૩૦,

શાંઘાઈ : ૬.૪૫, ૧૦.૪૫

: **સ્ક્રીન-૨** :

ફરારી કી સવારી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

**સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૪૫

ફરારી કી સવારી : ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: **સ્ક્રીન-૪** :

રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ધ સુપર હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ.અમથીબેન વરવાભાઈ ચૌધરી(ઉ.વ. ૭૦) મુ.પો. છાલા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કેશવલાલ ભુદરદાસ પટેલ (ઉ.વ. ૯૧) કૃષ્ણનગર મુ.પો. દેલવાડા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. આનંદભાઈ રૂપાજી(ઉ.વ. ૩૫) મુ.પો. નવા વણઝાર, તા. દસકોઈ, જિ. અમદાવાદ.